મોકડ્રીલની પૂર્વ તૈયારીઓ અંગે કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં મહત્ત્વપૂર્ણ બેઠકઃ

જામનગરમાં પ્રથમ વખત નેશનલ સિક્યોરીટી દ્વારા રાષ્ટ્રીય કક્ષાની 'કાઉન્ટર ટેરરીસ્ટ એક્સરસાઈઝ'

જામનગર તા. ૨૪: જામનગર જિલ્લામાં તા.૨૩ થી તા.૨૬ ફેબ્રુઆરી સુધીમાં પ્રથમ વખત નેશનલ સિક્યોરીટી ગાર્ડ દ્વારા જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી રાષ્ટ્રીય કક્ષાની કાઉન્ટર ટેરેરીસ્ટ એકસરસાઈઝ યોજવામાં આવશે. આ સંદર્ભે કલેક્ટર કચેરીમાં જિલ્લા કલેક્ટરશ્રી કેતન ઠક્કરની અધ્યક્ષતામાં વિવિધ વિભાગો વચ્ચે સમન્વય અને જરૂરી તૈયારીઓ અંગે ચર્ચા કરવા બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન એનએસજીના અધિકારીશ્રીઓ દ્વારા મોકડ્રીલના ઉદ્દેશ્યો, પ્રક્રિયા અને સલામતી સંબંધિત માર્ગદર્શિકા અંગે વિગતવાર સમજુતી આવી હતી. આ અભ્યાસનો મુખ્ય હેતુ આપત્તિ કે આતંકવાદી પરિસ્થિતિ સર્જાય ત્યારે તાત્કાલિક અને અસરકારક પ્રતિસાદ સુનિશ્ચિત કરવાનો છે. મોકડ્રીલ દરમિયાન આતંકવાદી હુમલા જેવી આકસ્મિક પરિસ્થિતિમાં ત્વરિત રિસ્પોન્સ, બચાવ અને રાહત કામગીરી કેવી રીતે સંચાલિત કરવી તે અંગે કામગીરીનું પ્રાયોગિક મૂલ્યાંકન કરવામાં આવશે. વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન, સંચાર વ્યવસ્થા અને આપાતકાલીન પ્રતિસાદ ક્ષમતા વધારવાનો આ અભ્યાસનો મુખ્ય હેતુ છે.

કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, આ પ્રકારની મોકડ્રીલોથી જિલ્લાની સુરક્ષા વધુ સતર્ક અને સજ્જ બને છે. તેમજ કોઈ પણ અનિચ્છનીય પરિસ્થિતિમાં અસરકારક કામગીરી શક્ય બનશે. મોકડ્રીલ દરમિયાન પોલીસ વિભાગ, આરોગ્ય વિભાગ, ફાયર બ્રિગેડ, હોમગાર્ડ, મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતના સંબંધિત વિભાગો વચ્ચે સંકલન જાળવી સમયસર કાર્યવાહી કરવી અત્યંત આવશ્યક છે. આ માટે તમામ વિભાગોને પોતાની ફરજ અને જવાબદારીઓ અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે જામનગર જિલ્લામાં અગાઉ પણ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલ યોજવામાં આવી હતી. ઉપરાંત સમયાંતરે પણ કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સુરક્ષા અને વહીવટી તંત્રની સતર્કતા વધુ મજબુત બને, ઉપલબ્ધ સાધનો, સંચાર વ્યવસ્થા અને માનવબળની કાર્યક્ષમતાની પ્રાયોગિક તપાસ થાય તે પ્રકારે મોકડ્રીલોનું આયોજન હાથ ધરવામાં આવતું હોય છે. પરિણામે કોઈપણ અનિચ્છનીય પરિસ્થિતિનો સામનો કરવા જામનગર જિલ્લો સંપૂર્ણ સજ્જ છે.

જામનગર જિલ્લો સેનાની ત્રણેય પાંખો, ઓઈલ રિફાયનરી, ઔદ્યોગિક એકમો અને દરિયાકિનારો ધરાવતો હોવાથી રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. જામનગરમાં પ્રથમ વખત નેશનલ સિક્યોરીટી ગાર્ડ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની કાઉન્ટર ટેરરિસ્ટ એકસરસાઈઝ યોજવામાં આવશે. ત્યારે આ પ્રકારની મોકડ્રીલથી આપત્તિ વ્યવસ્થાપન ક્ષમતા વધુ મજબૂત બનશે

જિલ્લા પ્રશાસન દ્વારા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે કે મોકડ્રીલ દરમિયાન શાંતિ જાળવી પ્રશાસનને સહકાર આપે અને કોઈપણ અફવા પર વિશ્વાસ ન કરે. આ અભ્યાસ સંપૂર્ણપણે સુરક્ષા તૈયારીઓનો ભાગ છે. આવી મોકડ્રીલો સમયાંતરે યોજાતા રહેવાના કારણે જામનગર જિલ્લો સુરક્ષાની દૃષ્ટિએ સજ્જ અને સક્રિય છે.

આ બેઠકમાં જિલ્લા પોલીસ વડાશ્રી ડો. રવિ મોહન સૈની, નિવાસી અધિક કલેકટરશ્રી શારદા કાથડ, નાયબ મ્યુનિસીપલ કમિશનરશ્રી ઝાલા, પ્રાંત અધિકારીશ્રીઓ તથા સબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં નિષ્ફળઃ

ધમકી આપી દુષ્કર્મ ગુજારવાના ગુન્હામાં આરોપીનો અદાલત દ્વારા કરાયો છૂટકારો

જામનગર તા. ૨૩: જામનગર તાલુકાના સિક્કા ગામના એક શખ્સ સામે લગ્નની લાલચ આપી, છરી બતાવી વારંવાર દુષ્કર્મ ગુજારવા અંગે કેટલાક વખત પહેલા પોલીસમાં ફરિયાદ થઈ હતી. તે કેસ ચાલી જતા અદાલતે આરોપીનો છૂટકારો ફરમાવ્યો છે.

જામનગર નજીકના સિક્કામાં નોકરી કરતા ચિંતન પ્રેમજીભાઈ ગોહિલ નામના શખ્સે એક યુવતી સાથે લગ્ન કરવાની વાત કરી મૈત્રીકરાર કર્યા પછી આ યુવતીને છરી બતાવી, તેણીના ભાઈને પતાવી દેવાની ધમકી આપી બળજબરીથી દુષ્કર્મ ગુજાર્યાની જે તે વખતે પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. આ શખ્સ સામે આઈપીસી ૩૭૬ (૨) (એન) તથા ૫૦૬ હેઠળ ગુન્હો નોંધાયો હતો.

ઉપરોક્ત કેસ જામનગરની કોર્ટમાં ચાલી જતા અદાલતમાં ફરિયાદ પક્ષે પાંચ મોખીક અને ૨૧ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. તેની સામે આરોપી પક્ષે કરેલી દલીલો ગ્રાહ્ય રાખી અદાલતે આરોપી સામેનો કેસ સાબિત થઈ શક્યો નથી તેમ ઠરાવી આરોપી ચિંતન ગોહિલનો છૂટકારો ફરમાવ્યો છે. આરોપી તરફથી વકીલ અશોક એચ. જોષી રોકાયા હતા.

બાતમીના આધારે ખનિજ વિભાગની કામગીરીઃ

ધ્રોળ તાલુકાના જાયવા ગામમાંથી ખનિજ ચોરી ઝડપાઈઃ એક કરોડનો મુદ્દામાલ જપ્ત

(તસ્વીરઃ પરેશ ઠક્કીયા)

જામનગર તા. ૨૪: ધ્રોળ તાલુકા જાયવા તળાવ વિસ્તારમાં ચાલતી ખનિજ ચોરી અંગે ખાણ-ખનિજ કચેરીના સ્ટાફ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો અને એક કરોડની કિંમતના વાહન અને સાધનો કબજે કરવામાં આવ્યા હતાં.

ધ્રોળ તાલુકાના જાયવા ગામમાં જેટકો પાછળ તળાવ વિસ્તારમાં મોરમ ખનિજના બિનઅધિકૃત ખનન બાતમીના આધારે જામનગર ખનિજ વિભાગની ટીમ દ્વારા તા. ૨૩-૨-૨૦૨૬ ના આકસ્મિક રીતે તપાસ કરવામાં આવી હતી અને ૧ સેની એક્સકાવેટર મશીન અને 3 ડમ્પર દ્વારા સરકારની કોઈપણ પ્રકારની પરવાનગી વગર બિનઅધિકૃત રીતે ખનન અને વહન કરવામાં આવતું હોવાનું જણાયું હતું. આથી વાહન અને મશીન કબજે લેવામાં આવ્યા હતાં અને ધ્રોળ પોલીસ સ્ટેશનમાં કસ્ટડી સોંપવામાં આવી હતી.

કબજે લેવાયેલા વાહનો અને સેની એક્સકાવેટર મશીન

(વાહન માલિક જયેશભાઈ સાનિયા), ડમ્પર નં.-જીજેજે-૧૦-ટીવાય-૯૮૫૨ (માલિક રેવતુભા જાડેજા), ડમ્પર નંબર-જીજે-૦૩-બીડબલ્યુ-૮૫૯૧ (માલિક ભગીરથસિંહ જાડેજા) અને ડમ્પર નંબર જીજે-૦૩-બીડબલ્યુ-૯૩૧૪ (માલિક કુલદીપસિંહ જાડેજા) નો સમાવેશ થાય છે. આમ કુલ રૂા. એક કરોડની કિંમતનો મુદ્દામાલ સ્થગિત કરાયો છે. આ કામગીરી નિખીલભાઈ, ભાવેશભાઈ, રમેશભાઈ વિગેરેએ કરી હતી.

જામનગર શહેર આચાર્ય સંઘ તથા

જિલ્લા ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળ અને જિલ્લા ગ્રામ્ય આચાર્ય સંઘની બેઠક

જામનગર તા. ૨૪: જામનગર જિલ્લા ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળ, જામનગર શહેર આચાર્ય સંઘ અને જામનગર જિલ્લા ગ્રામ્ય આચાર્ય સંઘની એક સંયુક્ત મિટિંગ તા. ૨૭-૨-૨૦૨૬ (શુક્રવાર) ના સાંજે ૬ કલાકે, આર્યસમાજ, ખંભાળિયા ગેઈટ બહાર, જામનગરમાં રાખવામાં આવી છે.

આ મિટિંગમાં ગ્રાન્ટ રિકવરીના પ્રશ્નોની ચર્ચા કરવાની હોય, આપના વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ ના ઓડીટ મેમો જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી મેળવી સાથે લાવશો. ઉપરોક્ત મિટિંગમાં ગ્રાન્ટ રીકવરી માટેનું વેઈવર ફોર્મ ભરવાનું માર્ગદર્શન અને અન્ય ચર્ચા કરવાની હોઈ, દરેક સંચાલકો અને આચાર્યોએ અચૂક ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

સોમનાથમાં ધ્વજારોહણ

જામનગર તા. ૨૪: જામનગરના સિનિયર સિટીઝન કાઉન્સીલ, ૪૦ પ્લસ ક્લબ તથા શ્રી સેવા મંડળના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૨૮-૨-૨૬ ના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ માં ધ્વજારોહણ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામાં સંસ્થાના સભ્યો સિવાયના ભક્તજનો પણ જોડાઈ શકશે. આ યાત્રામાં સહભાગી થવા માટે નામ નોંધાવવા દેવેન્દ્રસિંહ જાડેજા મો. ૯૪૨૮૩ ૨૦૧૪૪, ૭૦૧૬૪ ૭૪૪૮૩નો સંપર્ક કરવો.

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જિલ્લાના, લાલપુર તાલુકાના, મોજેઃ વડ પાંચસરા ગામના નવા ખાતા નં.૫૭૯ થી આવેલ નવા રે.સ.નં.૭૫ (જુના રે.સ.નં. ૧૩૨/પૈકી-૨/પૈકી-૧), જેના હેકટર : ૧-૦૧-૧૭ આરે ચો.મી.વાળી ખેતીની જમીન તથા નવા રે.સ.નં.૭૪ (જુના રે.સ.નં.૧૩૨/પૈકી-૧), જેના હેકટરઃ ૦-૪૦-૪૭ આરે ચો.મી. વાળી ખેતીની જમીન રમેશભાઈ છેલભાઈની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની આવેલ છે, અને તેઓ પાસેથી સદરહુ ખેતીની જમીન ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે, અને સુંથીની રકમ ચુકવેલ છે.

ઉપરોક્ત ખેતીની જમીનમાં જો કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થાનું લેણું, બોજો, ચાર્જ, લીયન કે અગ્રહકક હોય કે ઉપરોક્ત ખેતીની જમીનમાં કોઈપણનો કોઇપણ જાતનો હકક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ કે અધિકાર આવેલ હોય અથવા ઉપરોક્ત ખેતીની જમીનના વેંચાણ સામે કોઇપણને વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૭ (સાત)માં અમોને નીચેના સરનામે લેખિત આધાર-પુરાવા સાથે રજુ કરવા. જો મુદ્દત દરમ્યાન કોઈ વાંધા-તકરાર આપવામાં નહીં આવે તો ઉપરોક્ત ખેતીની જમીનમાં કોઈનું લેણું, બોજો, ચાર્જ, લાગભાગ કે અધિકાર આવેલ નથી. તેમજ ઉપરોક્ત ખેતીની જમીનના વેંચાણ સામે કોઇપણને વાંધા-તકરાર કે હરકત નથી, અને જો હોય તો જતાં (વેઇવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ બાકીનો અવેજ ચૂકવી તેઓ જોગનો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ અમારા અસીલની કોઇજ જવાબદારી રહેશે નહીં, તેની સર્વેએ નોંધ લેવી.

જામનગર
તા.૨૪-૦૨-૨૦૨૬

નરેન્દ્રસિંહ પી. જેઠવા, એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
નરેન્દ્રસિંહ પી. જેઠવા - એડવોકેટ એન્ડ નોટરી
એ/૯૪-રણજિત ટાવર, ડિસ્ટ્રીક્ટ કોર્ટ સામે, જામનગર :: મો:૯૯૯૮૦ ૦૧૪૯૧

:: જાહેર નોટીસ ::

આથી સર્વને જાણ કરવાની કે, શહેર જામનગરમાં **રાજકોટ રોડ ઉપર ત્રિમંદિર પાસે** આવેલ મૂળ વિભાપર ગામના રે.સ. નંબરઃ ૩૮/૩ વાળી બીનખેતી થયેલ જમીન કે જે **'મારૂતિ ટાઉનશીપ'**ના નામથી ઓળખાય છે, તેના બીનખેતી થયેલ પ્લોટસ પૈકી **પ્લોટ નંબરઃ ૧૦** યોરસ ફુટ ૧૦૩૩.૩૪ ના ક્ષેત્રફળની સ્થાવર મિલકત તેના માલિક **મહેશભાઈ ભીખુભાઈ વારોતરીયા** પાસેથી ક્લીયર તથા માર્કેટેબલ ટાઈટલની શરતે અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. તો આ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારે ચાર્જ-બોજો, હકક, અધિકાર હોય અને તેવા કારણે અથવા અન્ય કોઈપણ કારણે આ નોટીસવાળી સ્થાવર મિલકતના વેંચાણ સામે વાંધા-તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં અમારી ઓફિસના સરનામે અમોને લેખિતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. જો મુદત દરમિયાન કોઈ વાંધા તકરાર આવશે નહિ તો ઉપરોક્ત મિલકતમાં અન્ય કોઈનો હકક-હિસ્સો લાગભાગ કે અધિકાર આવેલ નથી તેમજ આ મિલકતના વેચાણ સંબંધે કોઈને વાંધો તકરાર નથી અને હોય તો તે વેઇવ કરેલ છે તેમ માનીને અમારા અસીલ શુદ્ધબુદ્ધિના ખરીદનાર તરીકે આ મિલકતની ખરીદી સંબંધે આગળની કાર્યવાહી કરશે અને ત્યારબાદ કોઈના વાંધા-તકરાર, હકક અધિકાર કે દાવા અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિ, જેની સર્વેએ નોંધ લેવી.

જામનગર
તા. ૨૪-૦૨-૨૦૨૬

પુનિત કિશોરભાઈ મહેતા (એડવોકેટ)
તે અસીલની સૂચનાથી

:: અમારા મારફત ::
પુનિત કિશોરભાઈ મહેતા - એડવોકેટ
ઓફિસનું સરનામુંઃ કોટક મહિન્દ્રા બેંક વાળી ગલી, સિટી પોઈન્ટની પાછળ, ટાઉન હોલ રોડ જામનગર મો.નં.: ૦૨૮૮ ૨૫૫૯૩૨૭

:: જાહેર નોટીસ ::

આથી જાહેર નોટીસ આપી લાગતા વળગતાને જણાવવાનું કે, જામનગર જિલ્લાના, લાલપુર તાલુકાના મોજે મેઘપર ગામના બીનખેતી રે. સર્વે નંબર ૭૯/૧ તથા ૭૯/૨ જેના એકર ૧૮-૧૮ ગુંઠાવાળી ઔદ્યોગિક હેતુના પ્લોટો પૈકીના પ્લોટ નંબર ૬૮ જેનું ક્ષેત્રફળ ૭૫૯.૩૭ ચો.મી. જેના ચો.ફુટ ૮૧૪૪.૦૦ વાળા ખુલ્લા પ્લોટના માલિક સંજુ ગુપ્તા ચંદ્રહંસ ગુપ્તા પાસેથી અમારા અસીલે ખરીદી કરેલ છે અને સુથીની રકમ ચુકવેલ છે.

આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ સાત (૭) માં જે કોઈને આ પ્લોટના વેંચાણ સામે કાંઈપણ વાંધા તકરાર હોય કે કોઈનો લાગ, ભાગ કે હકક, હિસ્સો, હિત, સંબંધ, દર-દાવો, વારસાઈ હકક, કરજ, અગ્રહકક, લીયન, ગીરો, કુલમુખત્યારનામું, કરાર કે કબજા બાબતે વાંધા-તકરાર હોય તો નીચેના સરનામે પુરાવા સાથે જાણ કરવી. અન્યથા જો કોઈનાં તરફથી નીયત સમયમાં વાંધા, રજુ કરવામાં નહીં આવે તો મુદત વિત્યે અમારા અસીલ મજકુર ખુલ્લા પ્લોટનો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ તેમના નામે અથવા તેમને યોગ્ય લાગે તેના નામે કરાવી લેશે, ત્યાર બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા માન્ય રહેશે નહી તેની નોંધ લેવી. જેની સર્વે જનતાને આથી જાણ કરવામાં આવે છે.

લાલપુર
તા. ૨૪-૦૨-૨૦૨૬

તે અમારા અસીલની સૂચના અને ફરમાઈશથી
મહિપત જી. સોચા અને
પ્રતીકસિંહ સી. રાણા - એડવોકેટ

:: અમારા મારફત ::
મહિપત જી. સોચા અને પ્રતીકસિંહ સી. રાણા - એડવોકેટ
ઠે.ઓફિસ નં. ૪, નવી કોર્ટ પાસે, લાલપુર, તા. લાલપુર, જિ. જામનગર - મો.૮૭૮૦૬ ૧૨૨૧૩ - ૯૯૭૪૮ ૮૮૧૬૬

:: જાહેર નોટીસ ::

આથી, કાર્યપાલક ઈજનેરશ્રી, શહેર વિભાગ-૧ જામનગરની યાદી દ્વારા જાણ કરવામાં આવે છે કે જે ગ્રાહકોને વીજ બીલ ભરવાના બાકી છે, તેઓ તાત્કાલિક ઓનલાઈન અથવા કચેરીએ બાકી વીજ બીલ ભરપાઈ કરી આપે. તા. ૨૫-૦૨-૨૦૨૬ (બુધવાર)ના રોજ મેગા ડિસકનેકશન ડ્રાઈવ યોજવામાં આવશે.

- તારીખઃ ૨૫-ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ મોટી સંખ્યામાં ટીમો દ્વારા વીજ જોડાણ કાપવામાં આવશે.
- સ્થળ પર પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં.
- પાવર કપાયા બાદ પૂરેપૂરૂ વીજ બીલ + રી કનકેશન ચાર્જ ભરવો પડશે.
- જરૂરિયાત મુજબના કે.વાય.સી.ના દસ્તાવેજ પણ આપવાના રહેશે.

શહેર-૧ વિભાગ હેઠળ આવતા સબ ડિવિઝનના નામ

૧) સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝન
૨) પટેલ કોલોની સબ ડિવિઝન
૩) દરબારગઢ સબ ડિવિઝન
૪) હાપા સબ ડિવિઝન
૫) સાત રસ્તા સબ ડિવિઝન

કાર્યપાલક ઈજનેર,
શહેર વિભાગ-૧, પી.જી.વી.સી.એલ.જામનગર

PGVCL
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
શહેર-૧ વિભાગ ઓફિસ, જામનગર
જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ
જેએમસી બિલ્ડીંગ સામે, લાલ બંગલા પાસે, જામનગર-૩૬૧ ૦૦૧

:: જાહેરાત ::

આથી, કાર્યપાલક ઈજનેરશ્રી, શહેર વિભાગ-૧ જામનગરની યાદી દ્વારા જાણ કરવામાં આવે છે કે જે ગ્રાહકોને વીજ બીલ ભરવાના બાકી છે, તેઓ તાત્કાલિક ઓનલાઈન અથવા કચેરીએ બાકી વીજ બીલ ભરપાઈ કરી આપે. તા. ૨૫-૦૨-૨૦૨૬ (બુધવાર)ના રોજ મેગા ડિસકનેકશન ડ્રાઈવ યોજવામાં આવશે.

- તારીખઃ ૨૫-ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ મોટી સંખ્યામાં ટીમો દ્વારા વીજ જોડાણ કાપવામાં આવશે.
- સ્થળ પર પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં.
- પાવર કપાયા બાદ પૂરેપૂરૂ વીજ બીલ + રી કનકેશન ચાર્જ ભરવો પડશે.
- જરૂરિયાત મુજબના કે.વાય.સી.ના દસ્તાવેજ પણ આપવાના રહેશે.

શહેર-૧ વિભાગ હેઠળ આવતા સબ ડિવિઝનના નામ

૧) સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝન
૨) પટેલ કોલોની સબ ડિવિઝન
૩) દરબારગઢ સબ ડિવિઝન
૪) હાપા સબ ડિવિઝન
૫) સાત રસ્તા સબ ડિવિઝન

કાર્યપાલક ઈજનેર,
શહેર વિભાગ-૧, પી.જી.વી.સી.એલ.જામનગર

જાહેર નોટીસ

આથી સર્વે જાહેર જનતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જિલ્લાના, જામનગર ગ્રામ્ય તાલુકાના મોજે ચાંપા બેરાજા ગામની સીમમાં આવેલ નીચે મુજબની ખેતીની જમીનો તેમના નીચે મુજબના હાલના માલિકો પાસેથી અમારા અસીલે ખરીદ કરવા સોદો કરેલ છે અને અવેજ પેટેની રકમ ચુકવેલ છે.

ખાતા નંબર	નવા / જૂના સર્વે નંબર	ક્ષેત્રફળ હેકટર	માલિક
૨૪૩	૨૦૨ (૫૬/પૈકી-૬)	૦-૭૪-૯૮	ભોરૂભા અભેસંગ કૃષ્ણાબા ભુરૂભા જાડેજા સુવરાજસિંહ ભુરૂભા જાડેજા
૭૬૯	૨૦૩ (૫૬/પૈકી-૨)	૦-૩૨-૭૫	પ્રવિણસિંહ ભીખુભા જાડેજા નવલસંગ ભીખુભા જાડેજા સુખદેવસિંહ ભીખુભા જાડેજા

ઉપરોક્ત વેંચાણ વ્યવહાર અન્વયે કોઇપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે કોઇને પણ કોઇપણ જાતનો વાંધો, તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૮ (આઠ)માં આ નીચે લખ્યા સરનામે આધાર-પુરાવા સાથે લેખિતમાં જાણ કરશો. જો નિયત સમય મર્યાદામાં કોઇ વાંધા-તકરાર ન મળ્યે કોઇને કોઇપણ જાતનો વાંધો-તકરાર નથી, અથવા તો છે તો તે વેઇવ કરેલ છે તેમ માની અમારા અસીલ પોતાના જોગનો રજી. વેંચાણ દસ્તાવેજની પ્રકિયા આગળ ધરશે અને ત્યારબાદ આવેલ કોઇપણ જાતનો વાંધો-તકરાર અમારા અસીલના હકક વિરૂદ્ધ માન્ય રહેશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળઃ જામનગર
તા. ૨૪-૦૨-૨૦૨૬

તે અમારા અસીલની સૂચનાથી

:: અમારા મારફત ::
રમેશ એમ. ડાંગર - એડવોકેટ
૧૦૭, માધવ સ્કવેર, લીમડાલાઈન કોર્નર, ક્રિકેટ ગ્રાઉન્ડ સામે, જામનગર :: મો. ૬૬૭૬ ૧૦૬૮૮

:: જાહેર નોટીસ ::

આ જાહેર નોટીસથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, જામનગર જિલ્લા-તાલુકાના **મોજે ગામઃ નાની માટલીમાં ખાતા નં. ૮૭૫**માં નોંધાયેલ **મૂળ રેવન્યૂ સર્વે નં. ૧૮૬/પૈકી-૧** તથા **પ્રમોલગેશન બાદના નવા રેવન્યુ સર્વે નં. ૧૬૬** વાળી જુની શરતની **બિનપિયત** પ્રકારની ખેતીની જમીન કે જે જેનું **ક્ષેત્રફળ હેક્ટર આરે ચો.મી. ૦-૮૨-૫૪** જેટલું થાય છે. આ ખેતીની જમીનના હાલના માલિક અને કબજેદાર **પ્રભાબેન લખમણભાઈ વા./ઓ. જેન્તીભાઈ સભાયા** છે અને તેઓ પાસેથી આ ખેતીની જમીન ઠાલવા-ચાલવાના મારગના હકકો સમેત તદ્દન ખાલી બજનસ કબજે, ક્લીયર ટાઈટલની શરતે, કોઈપણ પ્રકારના વાદ-વિવાદ અસ્તિત્વમાં ન હોવાની શરતે ધારાસર વેંચાણ દસ્તાવેજથી વેંચાણ લેવા અમારા અસીલે નકકી કરેલ છે અને અવેજ પેટેની રકમ ચૂકવેલ છે.

વિશેષમાં આ જગ્યાને લગત ઉતરોત્તર કાગળો પૈકી (૧) **નિલેશભાઈ દેવશીભાઈ પોસ્તરીયા જોગ ઈસ્માઈલ ઈબ્રાહીમ શેખએ સબ રજીસ્ટ્રાર કચેરી, જામનગર-૪ ખાતે કરી આપેલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૬, તા. ૧૩-૦૧-૨૦૧૪ ના રોજનો અસલ** તથા રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કર્યાની પહોંચ અસલ તથા (૨) **ઈસ્માઈલ ઈબ્રાહીમ શેખ જોગ લામકા ડાહીબેન વાઘાભાઈએ સબ રજીસ્ટ્રાર કચેરી, જામનગર-૪ ખાતે કરી આપેલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૫૪, તા. ૨૯-૦૧-૨૦૧૩ના રોજનો અસલ** તથા રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કર્યાની પહોંચ અસલ શુદ્ધ-બુદ્ધિથી ક્યાંક મૂકાઈ ગયેલ છે અથવા તો ખોવાઈ ગયેલ છે, જે વ્યાજબી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી તેમ જણાવવામાં આવેલ છે.

આમ, આ જાહેર નોટીસથી જાહેર કરવામાં આવે છે કે, આ વેંચાણ વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ જાતનો કાયદેસરનો વાંધો તકરાર હોય કે કોર્ટ કેસ પેન્ડીંગ હોય કે ખોવાયેલ કાગળો/દસ્તાવેજો કે આ જગ્યા પરત્વે કોઈપણ હકક, અધિકાર, લાગભાગ, બોજો, દર-દાવો, લીયન કે ચાર્જ અથવા કોઈપણ પ્રકારનું લેણું હોય તો તે અંગે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં અમારી ઓફિસે લેખિત આધાર-પુરાવા સાથે રજૂઆત કરવી અન્યથા જો નિયત મુદ્દતમાં કોઈ વાંધો લેવામાં નહીં આવે તો કોઈને કોઈ પ્રકારનો વાંધો-તકરાર નથી અથવા હોય તો પણ તે જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલ પ્રાપ્ય ખરી નકલના આધારે શુદ્ધબુદ્ધિના ખરીદનાર તરીકે તબદીલી સંબંધેની કાર્યવાહી કરી આ જગ્યાનો પાકો વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધો-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં, જેની નોંધ લેવી.

જામનગર
તા.૨૪-૦૨-૨૦૨૬

હારૂન એ. શેખ - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
હારૂન એ. શેખ - એડવોકેટ
શોપ નં. ૧૩૭, ફર્સ્ટ ફ્લોર, સ્ટાર ગેલેક્સિ બિલ્ડિંગ
ગેલેક્સિ સિનેમા કમ્પાઉન્ડ, જામનગર :: મો.: ૯૮૭૯૪ ૧૭૧૪૮

ટચૂકડી જાહેર ખબર

અનુ. પૃષ્ઠ ૬ પરથી

ભાડે આપવાની છે
બર્ધનચોક મેઈન માર્કેટમા દુકાન-ઓફિસ-ગોડાઉન લાયક જગ્યા ભાડે દેવાની છે, ભાટીયા માર્કેટ વલ્લભદાસ પેંડાવાળાની બાજુમાં-જામનગર
મો. ૯૯૨૪૧ ૨૮૮૦૯/૭
(ણ-૪૬૮૯)

જોઈએ છે
સીએનજી/વીએમસી ઓપરેટર પોસ્ટ-૧૫ સેલેરી રૂા. ૬૫ એક કલાક પેરેમાઉન્ટ પીસ્ટનસ જીઆઈડીસી-૩, દરેડ
મો. ૭૨૨૭૮ ૦૪૮૬૧
(ણ-૪૬૯૦)

બહેનની જરૂર છે
જવેલરી શોરૂમમાં રહી ગ્રાહકને ચા-પાણી આપવુ સાફ-સફાઈ કરી શકે તેવા બહેનની જરૂર છે
શ્રી મુરલીધર જવેલર્સ ઈંદીરા માર્ગ, મળવાનો સમય ૧૨ થી ૨, ૭ થી ૯, મો. ૮૧૪૦૧ ૨૧૦૧૦ (ણ-૪૬૭૧)

ફ્લેટ વેંચવાનો છે
૪૦૧,કોહીનૂર રેસીડેન્સી ૪/૨, પટેલ કોલોની, સુ.બિ.એરિયા,૧૦૩૫ સ્કે.ફુટ, જામનગર, મો. ૭૮૭૮૦ ૦૭૧૭૮ (ણ-૪૬૯૨)

જગ્યા લિઝ પર દેવાની છે
પોશ એરીયામાં, જોગર્સ પાર્ક પાસે, પાર્ક કોલોનીમાં મેઈન રોડ ટચ, શો-રૂમ, રિટેઈલ સ્ટોર, ઓફિસ, ક્લિનિક, બેંક વિગેરે માટે બેસ્ટ જગ્યા, કાર્પેટ એરીયા ૩૦૦૦ સ્કે.ફુટ કુલ પ્લોટ ૬૦૦૦ સ્કે. ફુટ કોર્નર પ્લોટમાં ગ્રાઉન્ડ ફલોર + ડબલ ફ્રન્ટેજ અને હાઈ વિઝિબિલીટી તથા બેસ્ટ એક્સેસ, લાંબાગાળાની લિઝ માટે સંપર્ક કરોઃ મો. ૮૨૦૦૫ ૧૮૮૮૦ (ણ-૪૬૯૩)

જોઈએ છે
નર્સિંગ સ્ટાફ-રિસેપ્શનિસ્ટ ઓમબાળકોની હોસ્પિટલ, હવાઈચોક, જામનગર રૂબરૂ મળોઃ સમયઃ ૧થી ૨, ૮થી ૮.૩૦
મો. ૯૯૭૯૯ ૦૫૨૫૮

મકાન વેંચવાનું છે
ગુલાબનગર સિન્ડીકેટ સોસાયટી, શેરી નં. ૧, મો. ૯૯૨૫૭ ૫૨૦૦૭

ટેનામેન્ટ વેંચવાનું છે
રામેશ્વરનગરમાં સ્વતંત્ર ૨-બીએચકે ઉપર, ૨૦ બાય ૨૦ ફૂટ, હોલ, એટેચ્ડ, સંડાસ, બાથરૂમ, ૫૮૦ ફૂટ જગ્યા, ૧૧૦૦ ફૂટ બાંધકામ, ટાઈટલ ક્લીયર દલાલભાઈઓ આવકાર્ય